




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-29 ■ તા. 10-07-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# કચ્છના લખપત તાલુકામાં એક જ દિવસમાં ધોધમાર ૧૧ ઇંચ વરસાદ

## બે ડેમ ઓવરફ્લો, પુલ તૂટતા પાંચ ગામ સંપર્ક વિહોણા

ભુજ,તા.૯

કચ્છ જિલ્લાના છેવાડાના અને સરહદીય લખપત તાલુકામાં આ મહિનાની શરૂઆત સાથે જ મેઘરાજાએ પધરામણી કરી હતી. ત્યારે વરસેલા અતિભારે વરસાદથી તાલુકામાં ક્યાંક મેઘરાજાની મહેર વર્તાઈ હતી તો ક્યાંક કહેર પણ જોવા મળી હતી. વહેલી સવારથી શરૂ થયેલા વરસાદ બાદ બપોર વિરામ આપી મેઘરાજા સાંજે મન મૂકીને વરસ્યા હતા. બપોરે ૨ થી ૪ વાગ્યા દરમ્યાન ૨૨ મી.મી., ૪ થી ૬ દરમ્યાન ૩૯ મી.મી. તો સાંજે ૬ થી ૮ દરમ્યાન ધોધમાર ૧૩૫ મી.મી. વરસાદ વરસ્યો હતો. તો ત્યારબાદ પણ રત સુધીમાં ૭૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ રીતે એક જ દિવસમાં ૨૭૬ મી.મી. એટલે કે ૧૧ ઈંચ વરસાદ સાથે તાલુકામાં આ સીઝન દરમ્યાન કુલ ૪૩૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

કચ્છ જિલ્લાના છેવાડાના અને સરહદીય લખપત તાલુકામાં આ મહિનાની શરૂઆત સાથે જ મેઘરાજાએ પધરામણી કરી હતી. ત્યારે શુક્રવારે વરસેલા અતિભારે વરસાદથી તાલુકામાં ક્યાંક મેઘરાજાની મહેર વર્તાઈ હતી તો ક્યાંક કહેર પણ જોવા મળી હતી. શુક્રવારે વહેલી સવારથી શરૂ થયેલા વરસાદ બાદ બપોર વિરામ આપી મેઘરાજા સાંજે મન મૂકીને વરસ્યા



હતા. બપોરે ૨ થી ૪ વાગ્યા દરમ્યાન ૨૨ મી.મી., ૪ થી ૬ દરમ્યાન ૩૯ મી.મી. તો સાંજે ૬ થી ૮ દરમ્યાન ધોધમાર ૧૩૫ મી.મી. વરસાદ વરસ્યો હતો. તો ત્યારબાદ પણ રત સુધીમાં ૭૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ રીતે એક જ દિવસમાં ૨૭૬ મી.મી. એટલે કે ૧૧ ઈંચ વરસાદ સાથે તાલુકામાં આ સીઝન દરમ્યાન કુલ ૪૩૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. લખપતમાં એક દિવસમાં જ ૧૧ ઈંચ વરસાદથી તાલુકાના બે ડેમ ઓવરફ્લો થયા હતા. તાલુકામાં આવેલા ગોધાતડ અને સાનંધ્રો ડેમ ઓવરફ્લો થતાં તાલુકામાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તાલુકાના માધ્યમ સિંચાઇના બન્ને ડેમ ઓવરફ્લો થતાં સમગ્ર વર્ષમાં સિંચાઇ અને પીવા માટે પાણીની તંગી ઊભી નહીં થાય તેવું લોકો જણાવી રહ્યા છે. તો ડેમ ઓવરફ્લો થતાં ગોધાતડ ડેમ ૦.૦૫ મીટર સાથે ઓવરફ્લો ડેમની હાલની પરિસ્થિતિ ૨૩ મિતિરની છે. સિંચાઇ ઈજનેરે આસપાસના કપુરાસી અને કોરિયાણી ગામ માટે ચેતવણી જાહેર કરી જિલ્લા વહીવટી તંત્રને સ્થાનિક લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવા સૂચના આપી હતી.

લખપતમાં એક દિવસમાં જ ૧૧ ઈંચ વરસાદથી તાલુકાના બે ડેમ ઓવરફ્લો થયા હતા. તાલુકામાં આવેલા ગોધાતડ અને સાનંધ્રો ડેમ ઓવરફ્લો થતાં તાલુકામાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તાલુકાના માધ્યમ સિંચાઇના બન્ને ડેમ ઓવરફ્લો થતાં સમગ્ર વર્ષમાં સિંચાઇ અને પીવા માટે પાણીની તંગી ઊભી નહીં થાય તેવું લોકો જણાવી રહ્યા છે. તો ડેમ ઓવરફ્લો થતાં ગોધાતડ ડેમ ૦.૦૫ મીટર સાથે ઓવરફ્લો ડેમની હાલની પરિસ્થિતિ ૨૩ મિતિરની છે. સિંચાઇ ઈજનેરે આસપાસના કપુરાસી અને કોરિયાણી ગામ માટે ચેતવણી જાહેર કરી જિલ્લા વહીવટી તંત્રને સ્થાનિક લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવા સૂચના આપી હતી. બીજી તરફ, આ અતિભારે વરસાદના કારણે તાલુકાના બાલાપર ગામ પાસેનો પુલ તુટી પડતાં પુલિયા પરથી પસાર થઈ રહેલો ટ્રેલર પલટી મારી ગયો હતો. અતિભારે વરસાદના કારણે પુલ તૂટતાં આસપાસના પાંચ ગામોનો તાલુકાના મુખ્ય મથક વર્માનગર સાથે સંપર્ક તૂટ્યો હતો. તો પુલ તૂટતાં આસપાસના માલધારીઓએ પોતાનો દૂધ તાલુકા મથકે પહોંચાડવા એકબીજાની મદદ લઈ દૂધની ડિલિવરી પૂરી કરી રહ્યા છે.બાલાપર ગામના દાનુભા સોઢાએ જણાવ્યું હતું કે, ×પાંચ વર્ષ પહેલાં બનેલા આ પુલની પાપડી ત્રીજી વખત તૂટી છે. હર વર્ષે તંત્ર દ્વારા આવીને કામચલાઉ ધોરણે સમારકામ કરવામાં આવે છે જેથી વારંવાર આ સમસ્યા ઊભી રહે છે.× નદી પરના પુલની પાપડી તૂટતાં પાંચ ગામ તાલુકા મથકથી સંપર્ક વિહોણા થયા ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મુશળધાર વરસાદ ચાલુ રહેતા રસ્તાઓ નદી જેવા દેખાતા હતા. રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં છ લોકોના મોત થયા છે. માહિતી અનુસાર, મહિસાગર અને કચ્છ જિલ્લામાં બે-બે અને પંચમહાલ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક-એકનું મોત થયું છે. અવિરત વરસાદ સાથે ગુજરાતના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો, જેમાં રાજ્યના સૌથી મોટા શહેર અમદાવાદના ઘણા ભાગો ડૂબી ગયા હતા. ભારતીય હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે જામનગર, દેવભૂમિ દ્વારકા અને જૂનાગઢ જિલ્લાના ભાગોમાં પણ ભારે વરસાદ થયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં ચોમાસાની અસર જોરશોરથી જોવા મળી હતી અને રાજ્યના બાકીના વિસ્તારોમાં ચોમાસું સક્રિય રહ્યું હતું.

### પ્રદેશ ભાજપ કારોબારી

## ડબલ એન્જિનની સરકારને કારણે ગુજરાતને ફાયદો વધુ : પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલ

સુરત,તા.૯

સુરતમાં પ્રથમવાર પ્રદેશ ભાજપ કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. કારોબારીમાં મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સહિત અપેક્ષિત ૧૦૦૦ જેટલા નેતાઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા છે. તમામ સિનયર નેતાઓ પણ કારોબારીમાં પહોંચ્યા છે. ભાજપ આગામી વિધાનસભાને ધ્યાનમાં રાખીને વધુમાં વધુ બેઠક મેળવવા માટે કોઈ કચાશ રાખવામાં માંગતી નથી. રાજકીય હરિફો આપ અને કોંગ્રેસને પછાડવા માટે તમામ મોરચે આયોજન કરી રહી છે. ભાજપ દ્વારા વિધાનસભામાં ૧૫૦ બેઠક મેળવવાની તૈયારીઓ શરૂ દેવામાં આવી છે. કારોબારી બેઠકમાં સીઆર પાટીલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, ડબલ એન્જિનની સરકારને કારણે ગુજરાત ને ફાયદો વધુ થયો છે.



સીઆર પાટીલે પેજ સમિતિ, વન ડે વન ડિસ્ટ્રીક્ટ, સદસ્યતા અભિયાન, સંગઠનાત્મક-સક્રિયતા, સહકાર ક્ષેત્રોમાં ઝળહળતી સફળતા, મોરચા દ્વારા કાર્યક્રમો, સુપોષણ અભિયાન અંગે માહિતી આપી હતી. આ સાથે વડાપ્રધાન મોદીના ગુજરાત પ્રવાસની પણ માહિતી આપી હતી. પાટીલે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીની મોટી પાંચ સભામાં લગભગ પંદર લાખ લોકો પી.એમ. સાથે કનેક્ટ થયા છે. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં ગુજરાત સદાય વિકાસના કાર્યોમાં અગ્રેસસર રહ્યું છે. ડબલ એન્જિનની સરકારને કારણે ગુજરાતને ફાયદો વધુ થયો છે. ખેડૂતો પાકના સારા ભાવ મળી રહ્યા છે. હિંદુ આસ્થાનું કેન્દ્ર પાવાગઢ મંદિર ઉપર પાંચસો વર્ષ પછી પ્રધાનમંત્રી મોદી દ્વારા ધ્વજા રોહણ કરવામાં આવ્યું છે.

જીતુ વાઘાણીએ કહ્યું કે ચૂંટણી આવતાંની સાથે કેટલીક રાજકીય પાર્ટી અને સરકાર વિરોધી માનસિકતા ધરાવતા લોકો દુષ્પ્રચાર કરીને સરકારની કામગીરીની ખોટી ભ્રમણા ફેલાવે છે. પરંતુ ગુજરાતની પ્રજા અમારી સાથે જ રહી છે. વંદે ગુજરાત કાર્યક્રમ થકી લોકો મોટી સંખ્યામાં જોડાયા છે. ગુજરાતી જનતા ફરીથી અમને આશીર્વાદ આપશે.પુરુસોત્તમ રૂપાલાએ જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટી સરકાર અને સંગઠન વચ્ચે તાલમેલ ખુબ સારો છે. કારોબારીમાં આદિવાસી વિસ્તારમાં ૨ દિવસ માટે રોકાવવા વિસ્તારકોને આદેશ આપવામાં આવ્યા છે. રાજકીય ઈતિહાસમાં અનેક પાર્ટીએ ઉભી થવાનો પ્રયાસ કાર્યો પણ સફળ થઈ નથી. આપ કે અન્ય પાર્ટીની ગતિવિધિ ઉપર નજર રાખીએ છીએ.

## શરીફ સરકારે ૧ જુલાઈથી એલપીજીના ભાવમાં ૪૩ ટકાથી ૨૩૫ ટકા સુધીનો વધારો કરવાની મંજૂરી આપી

ઈસ્લામાબાદ,તા.૯

પાકિસ્તાનમાં શેહબાઝ શરીફ સરકારે ૧ જુલાઈથી કુદરતી ગેસ (એલપીજી)ના ભાવમાં ૪૩ ટકાથી ૨૩૫ ટકા સુધીનો વધારો કરવાની મંજૂરી આપી છે. આ વધારા દ્વારા, સરકાર મોટાભાગના ઘરેલું અને અન્ય શ્રેણીના ગ્રાહકો પાસેથી ૬૬૦ અબજ પાકિસ્તાની રૂપિયા એકત્રિત કરશે. દેશની કથળતી અર્થવ્યવસ્થા વચ્ચે છેલ્લા ૧૧ મહિનામાં પાકિસ્તાન સરકારનું કુલ દેવું ૧૫.૩ ટકા વધ્યું છે. અખબારે સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાન ને ટાંકીને કહ્યું કે જૂન ૨૦૨૧માં સરકારનું કુલ દેવું ૩૮.૭૦૪ ટ્રિલિયન પાકિસ્તાની રૂપિયા હતું, જે મે મહિનામાં વધીને ૪૪.૬૩૮ ટ્રિલિયન થઈ ગયું.

પેટ્રોલિયમ રાજ્ય મંત્રી મુસાદિક મલિકે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, "ગેસના ભાવમાં ઉછાળાથી લગભગ અડધા ઘરેલું ગ્રાહકો બચી ગયા છે, પરંતુ ઉચ્ચ વર્ગ પર બોજ નોંધપાત્ર રીતે વધ્યો છે." આ નિર્ણય પાકિસ્તાનની કેબિનેટની આર્થિક સંકલન સમિતિ દ્વારા લેવામાં આવ્યો છે. ઈસીસીએ ઘરેલું ગ્રાહકો પર સૌથી વધુ બોજ નાખ્યો છે જેમનો માસિક ગેસનો વપરાશ ચાર ઘન મીટર સુધી છે. અખબાર અનુસાર, તેઓ હવે પાંચ ક્યુબિક મીટર ગેસ ગ્રાહકો સાથે જોડાયેલા છે. તેમના માટે વર્તમાન કિંમતોથી ૧૫૪ ટકાનો વધારો થશે.

પાકિસ્તાનના નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, "ઈસીસીએ પીકેઆર૧૦૦ ના પ્રસ્તાવિત દરો સામે નિકાસ અને બિન-નિકાસ ઉદ્યોગ (કેપ્ટિવ પાવર) માટે ગેસના દરોને વધુ ઘટાડવાની સૂચનાઓ સાથે ગ્રાહક ગેસ વેચાણ કિંમતોના પ્રસ્તાવિત સુધારાને મંજૂરી આપી છે."

પેટ્રોલિયમ રાજ્ય મંત્રીએ કહ્યું કે ભાવ વધારાનો ઉદ્દેશ્ય ગેસ સેક્ટરમાં સર્ક્યુલર લોનમાં થતા વધારાને રોકવાનો છે. મુસાદીકે જણાવ્યું હતું કે, "ઉંચા ભાવ વધારાનો ઉદ્દેશ્ય આ નાણાકીય વર્ષમાં ગેસ સેક્ટરમાં ધિરાણની વૃદ્ધિને રોકવાનો છે."

પાકિસ્તાનમાં ૨૦૧૮થી એનર્જીના ભાવ સતત વધી રહ્યા છે. રુસો-યુક્રેન યુદ્ધે વિશ્વભરમાં ગેસના ભાવમાં વધારો કર્યો છે. આનાથી નાણાકીય ક્ષેત્ર, બજેટ અને વાસ્તવિક અર્થવ્યવસ્થા પર દબાણ આવ્યું છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના જણાવ્યા અનુસાર, કિંમત ગોઠવણમાં વિલંબ, વિલંબિત ચૂકવણી, મુખ્ય રોકાણો અને બિન-લક્ષિત સબસિડી સહિતના ઘણા કારણો છે.

## મુલાયમ યાદવની પત્ની સાધના ગુપ્તાનું નિધન, સારવાર દરમિયાન અંતિમ લીધા

લખનૌ,તા.૯

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમ સિંહ યાદવની પત્ની સાધના ગુપ્તાનું નિધન થયું છે. તેમને શ્વાસ લેવામાં તકલીફ હતી, જેના પછી તેમને ૪ દિવસ પહેલા મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં શનિવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સાધના ગુપ્તા કોવિડ પછીના ચેપથી પીડિત હતા અને તેના કારણે તેમની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.



મેદાંતા હોસ્પિટલમાં જ સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સાધનાને ચાર દિવસ પહેલા ક્રિટિકલ આઈસી-યુમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ વર્ષ ૨૦૨૦માં કોરોના વાયરસથી સંક્રમિત થયા હતા, ત્યારબાદ તેમની સતત સારવાર ચાલી રહી હતી.

ભૂતકાળમાં ફરી એકવાર તેમની તબિયત બગડતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં શનિવારે ૯ જુલાઈના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

આપને જણાવી દઈએ કે સાધના ગુપ્તા બીજેપી નેતા અપર્ણા બિષ્ટ યાદવના સાસુ અને પ્રતીક યાદવની માતા હતા.

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ સપાના વડા મુલાયમ સિંહ અને તેમની પ્રથમ પત્નીના પુત્ર છે. સાધના અને મુલાયમની નજીક આવવાની વાર્તા સુનીતા એરોને તેમના પુસ્તકમાં કહી હતી. તેમણે લખ્યું હતું કે, મેડિકલ કોલેજની એક નર્સ મૂર્તિ દેવીને ખોટું ઈન્જેક્શન આપવા જઈ રહી હતી. પરંતુ તે દરમિયાન સાધના ત્યાં હાજર હતી અને તેણે નર્સને ખોટા ઈન્જેક્શન આપતા રોક્યા. સાધનાના કારણે જ મુલાયમની માતાનો જીવ બચી ગયો. મુલાયમ તેનાથી પ્રભાવિત થયા અને બંનેની લવ સ્ટોરી શરૂ થઈ. તે દરમિયાન અખિલેશ શાળામાં વિદ્યાર્થી હતો.

સાધના ગુપ્તા વાસ્તવમાં ૧૯૮૮માં મુલાયમના જીવનમાં આવી અને મુલાયમ ૧૯૮૯માં સીએમ બન્યા. ત્યારથી તે સાધનાને ભાગ્યશાળી માનવા લાગ્યા. બધાને આ બધું ખબર હતી, પણ ઘરમાં કોઈ કંઈ બોલ્યું નહિ. આ બધું ત્યારે સામે આવ્યું જયારે મુલાયમે ૨૦૦૭માં અપ્રમાણસર સંપત્તિ કેસમાં સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું આપ્યું. જેમાં મુલાયમે લખ્યું હતું કે, હું સ્વીકારું છું કે સાધના ગુપ્તા મારી પત્ની છે અને પ્રતીક મારો પુત્ર છે.

## પિતાનો જીવ લેવા દીકરીએ હત્યારાઓને સુપારીમાં ડાયમંડની વીટી આપી હતી

સરાયકેલા,તા.૯

ઝારખંડના સરાયકેલા જિલ્લાના આદિત્યપુરમાં ૨૯ જૂનની રાતે થયેલી પૂર્વ ધારાસભ્ય અરવિંદ સિંહના સાળાની હત્યાના મામલામાં પોલીસે મોટો ખુલાસો કર્યો છે. વ્યાવસાયિક કન્હૈયા સિંહની હત્યાના મામલામાં સરાયકેલા પોલીસે જણાવ્યું છે કે, પ્રેમ પ્રસંગ અને બદલાના કારણે હત્યા કરવામાં આવી છે, જેમાં મૃતકની દીકરીનો પણ સમાવેશ થાય છે.એસપી આનંદ પ્રકાશ અને એસઆઈટી ટીમના અધ્યક્ષ હરવિંદર સિંહે જણાવ્યું કે, કન્હૈયા સિંહની હત્યા પ્રેમમાં સમસ્યા અને રાજવીર સિંહના પરિવારને ત્રાસ આપીને આદિત્યપુર ભગાવવાના પરિણામ સ્વરૂપ થઈ છે. આ બંને ઘટનાઓથી રાજવીર ગુસ્સામાં હતો, આ કારણે રાજવીર સિંહે પોતાની પ્રેમિકા અને કન્હૈયા સિંહની દીકરી અપર્ણા અને મિત્ર નિખિલ ગુપ્તાની મદદ લઈને હત્યા કરી હતી.

એસપીએ જણાવ્યું કે, કન્હૈયા સિંહની હત્યાની સૂત્રધાર તેની જ દીકરી બની, જે ક્ષણ-ક્ષણની માહિતી અને લોકેશન ગુનેગારોની આપી રહી હતી. સરાયકેલા પોલીસે જણાવ્યું કે, કન્હૈયા સિંહની હત્યા ૨૦ જૂને પટનામાં જ થઈ જતી, પણ ત્યાં તેમણે તક મળી ન હતી. ૨૦ જૂનની રાતે રાજવીર સિંહ મિત્ર અને શૂટર નિખિલ ગુપ્તાની સાથે લઈને કોંગ્રેસ જિલ્લાધ્યક્ષ છોટે રાય કિસ્કૂનો દીકરો સૌરભ કિસ્કૂને લઈને પટના ગયો હતો, તે દિવસે કન્હૈયા સિંહ પટનામાં જ હાજર હતો, આ લોકેશનની માહિતી પણ અપર્ણા સિંહે આપી હતી.પટનામાં નિખિલને દેશી બંદૂક સૌરભ કિસ્કૂએ જ ઉપલબ્ધ કરાવી હતી. સૌરભે સાઢા ૮ હજાર રૂપિયામાં દેશી બંદૂક અને એક ગોળી ઉપલબ્ધ કરાવી હતી, આ હત્યાકાંડમાં અત્યાર સુધી ૪ લોકોને અરેસ્ટ કરવામાં આવ્યું છે, જેમાં રાજવીર સિંહ, અપર્ણા સિંહ, શૂટર નિખિલ ગુપ્તા અને સૌરભ કિસ્કૂ શામેલ છે, જ્યારે બે ગુનેગાર છોટુ દિગ્ગી અને રવિ સરદાર હજુ પણ ફરાર છે. પોલીસે ગુનેગાર નિખિલે હત્યાના સમયે પહેરેલા કપડાં, બૂટ, દેશી બંદૂક, એક ખોખું અને ૪ મોબાઈલ જપ્ત કર્યા છે.રાજવીર સિંહ અને અપર્ણા સિંહેનો પ્રેમ પ્રસંગ ૫ વર્ષ જુનું છે, જ્યારે ૬૦૭ફ ૬૮માં રાજવીર ૧૦માં અને અપર્ણા ૮માં ભણતી હતી, ત્યારે રાજવીરનો પૂરો પરિવાર માંઝી ટોલામાં રહેતો હતો. કન્હૈયા સિંહને આ વાતની માહિતી મળી કે, તેને રાજવીર જ નહીં પણ તેના પૂરા પરિવાર સાથે મારપીટ કરી, ત્યાર બાદ રાજવીર સિંહના પરિવારને પૈતૃક ઘર વેચીને માનગોમાં ભાડાંના મકાનમાં રહેવાની સ્થિતિ આવી ગઈ હતી.

હત્યાકાંડનો મુખ્ય શૂટર નિખિલ ગુપ્તાને કન્હૈયા સિંહની હત્યા કરવા માટે સુપારીના રૂપમાં રાજવીરે માત્ર ૪ હજાર રૂપિયા નકદ અને તેની પ્રેમિકાની ડાયમંડની વીટી આપી હતી, જ્યારે બાકીના પૈસા હત્યા પછી આપવાના હતા. હત્યા કર્યા પછી નિખિલે સાઢે ૧૧ કલાકે માનગો ડિમના જઈને પૈસાની માગ કરી હતી, પણ તે સમયે રાજવીર સિંહે પૈસા આપ્યા ન હતા. એસપીએ આ ઘટનાની તપાસ કરતા તમામ પોલીસ અધિકારીઓને પુરસ્કૃત કરવાનો અને સ્પીડી ટ્રાયલ ચલાવીને સજા આપવાનો દાવો કર્યો છે.

## રવીન્દ્ર જાડેજાએ સીએસકે સાથેની તમામ પોસ્ટ ડિલિટ કરતા અણબનાવની અટકળો વધી

મુંબઈ,તા.૯

શું રવિન્દ્ર જાડેજા ચેન્નઈ સુપરકિંગ્સ (સીએસકે) છોડશે? શનિવારે ફરી આ પ્રશ્ન ઉભો થયો હતો. કારણ કે જાડેજાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાંથી સીએસકે સંબંધિત તમામ પોસ્ટ ડિલીટ કરી દીધી છે. આટલું જ નહીં, ૩૩ વર્ષીય ઓલરાઉન્ડરે આ વખતે સોશિયલ મીડિયા પર ઝ્રજીદ્ભના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને જન્મદિવસની શુભેચ્છા પણ પાઠવી નથી. જાડેજા અને ધોનીને સારા મિત્રો માનવામાં આવે છે.

ઈન્સ્ટાગ્રામ પરથી સીએસકે સંબંધિત પોસ્ટ હટાવ્યા બાદ જાડેજાએ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરવાનું શરૂ કર્યું છે. આવી સ્થિતિમાં તેની અને ફ્રેન્ચાઈઝી વચ્ચે અણબનાવના સમાચાર ફરીથી વેગવંતા બન્યા છે. આ અંગે ફ્રેન્ચાઈઝી અને જાડેજા તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.ધોનીને તેના છેલ્લા જન્મદિવસ પર ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને જાડેજાએ અભિનંદન પાઠવ્યા હતા. પરંતુ, આ વખતે ન તો તેમની ઈન્સ્ટામાં પોસ્ટ કે ન તો અભિનંદન સંબંધિત કોઈ પોસ્ટ ટ્વિટર પર આવી છે. ગત વર્ષની પોસ્ટમાં જાડેજાએ લખ્યું હતું કે દેશના અનેક લોકોની પ્રેરણા...એક નેતા, જેમણે પોતાના નેતૃત્વથી એક દાખલો બેસાડ્યો. તમારા માર્ગદર્શન બદલ આભાર. માહી ભાઈને જન્મદિવસની શુભેચ્છાઓ.

જો જાડેજા અને ફ્રેન્ચાઈઝી વિશેની અટકળો સાચી પડે તો આઈપીએલની આગામી સિઝનથી જાડેજા અને ઝ્રજીદ્ભનો સાથ છૂટી શકે છે. જાડેજા ૨૦૧૨માં ચેન્નઈ સુપર કિંગ્સ સાથે જોડાયો હતો અને ત્યારથી તે ટીમ સાથે છે. તેણે સીએસકે સાથે ૨આઈપીએલ ટાઈટલ પણ જીત્યા છે.જાડેજાને આઈપીએલ-૧૫માં સીએસકેનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ મહેન્દ્ર સિંહ ધોનીએ ટીમની કેપ્ટનશિપ છોડી દીધી હતી. પરંતુ, જાડેજા કેપ્ટનશિપની જવાબદારી સંભાળી શક્યો નહોતો.

# તંત્રી લેખ

## ચીનથી ચેતવા જેવું

દુનિયાના કારોબાર જગતમાં જે હેસિયત ઊભી કરી છે, તે આશ્ચર્યજનક છે. તેનો એકાએક થયેલો આર્થિક વિકાસ કેટલાક લોકોને મોંમાં આંગળાં નાખવા મજબૂર કરે છે, તો કેટલાકને લાગે છે કે આ રસ્તો અનુકરણ કરવા લાયક છે. પરંતુ ચીનના આ વિકાસની કહાની એટલી સીધીસાદી નથી, તેમાં કેટલીય ગરબડો છે, જે ઉપલબ્ધિઓની ચમક પાછળ દબાવી દેવામાં આવે છે. તાજેતરમાં લંડનમાં જ્યારે અમેરિકી ગુપ્તચર એજન્સી એફબીઆઈના પ્રમુખ ક્રિસ્ટોફર વારી અને બ્રિટિશ ગુપ્તચર એજન્સી એમઆઈ-પના પ્રમુખ કેન મેકલમે વ્યાપારી સમૂહોના આગેવાન લોકોને સંબોધિત કર્યા, તો તેમના નિશાના પર ચીનની આ પ્રકારની જ હરકતો હતી. તેમણે કહ્યું કે ચીન કઈ રીતે દુનિયાના દેશો, તેમની કંપનીઓનો ડેટા ચોરે છે, તેની ટેકનિક તફડાવે છે અને એનો જ ઉપયોગ કરીને વિશ્વબજારમાં તેમને પરાસ્ત કરે છે. તેમણે એમ પણ કહ્યું કે ચીન અને તેની કંપનીઓ બજાર પર કબ્જો જમાવવા માટે તમામ પ્રકારના હથકંડા અપનાવે છે અને ચીનનું હેકિંગ નેટવર્ક સૌથી મોટું છે. બંનેએ તેનાં કેટલાંય ઉદાહરણો પણ આપ્યાં. અમેરિકા અને બ્રિટનની ગુપ્તચર એજન્સીઓના પ્રમુખોનું આ સંબોધન એવા સમયે આવ્યું છે, જ્યારે ભારતમાં સ્માર્ટફોન બનાવનારી ચીની કંપની વિવાદોમાં ફસાઈ છે. ઈડીને તેના મજબૂત પુરાવા મળ્યા છે કે આ કંપની કાળા નાણાં મામલે સંડોવાયેલી છે. તેને લઈને ઈડીએ કંપનીનાં ૪૦થી વધુ ઠેકાણાં પર છાપા માર્યા છે. આ દરમ્યાન આ કંપનીના બે નિર્દેશક જે રીતે ભારત છોડીને ભાગી ગયા, તેનાથી પણ આ આરોપોને બળ મળ્યું છે. આ દરોડા પર ચીની સરકારે આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી છે અને કહ્યું કે આવી કાર્યવાહીઓથી ભારતમાં રોકાણ અને કારોબારનો માહોલ ખરાબ થશે.

વીવો મામલે હજુ તપાસ ચાલી રહી છે અને જ્યાં સુધી જાણકારી સામે ન આવે, તેને કોઈ મોટા સંદર્ભ સાથે જોડીને ન જોઈ શકાય. પરંતુ એટલાથી જ ચીન કોઈપણ આરોપમાંથી છૂટી નથી જતું. ચીનની સૌથી મોટી મુશ્કેલી એ છે કે તે તમામ પ્રગતિ બાદ પણ એક બંધ સમાજ છે. ભલે પર્યટન અને વેપાર માટે તેણે પોતાના દરવાજા ખોલી દીધા હોય પરંતુ ત્યાં શું, ક્યાં અને કેવી રીતે થઈ રહ્યું છે તેની દુનિયાને ગંધ નથી આવતી. વિદેશી પત્રકારોને ત્યાં દરેક જગ્યાએ જવાની છૂટ નથી. ખુદ ચીનનું મીડિયા પણ એટલું સ્વતંત્ર નથી રહ્યું કે તેના ભરોસે કંઈક કહી શકાય. ત્યાં જે સરકાર છે, તે સત્તાધારી કમ્યુનિસ્ટ પાર્ટી છે અને તેની ફોજ પણ છે. દુનિયાના લોકો આજે પણ તેમાં ગુંચવાયેલા રહે છે કે ફલાણી ચીની કંપની સરકારી છે કે ખાનગી. ચીને બેશક બહુ પ્રગતિ કરી છે, પરંતુ તેની પાછળ કોઈ પારદર્શિતા નથી. બંધ દરવાજાવાળા લોકોની દાનત પર શંકા નહિ કરવાનું પણ કોઈ કારણ નથી હોતું.

## દીવ નગરપાલિકા ચૂંટણીમાં ૧૫ વર્ષ બાદ એવું રિઝલ્ટ આવ્યું કે ભાજપ-કોંગ્રેસ બંને શોક

ગાંધીનગર,તા.૯

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં થયેલી નગર પાલિકની ચૂંટણીમાં કોંગ્રેસના સુફડાસાફ થઈ ગયા છે. ૧૫ વર્ષ બાદ અહિયા એવું રિઝલ્ટ આવ્યું છે કે ભાજપના નેતાઓ આટલા સારા પરિણામ જોઈને અને કોંગ્રેસના નેતાઓ આટલા ખરાબ પરિણામ જોઈને ચોંકી ગયા છે. અહીં ૧૫ વર્ષ બાદ ભારતીય જનતા પાર્ટીએ બધી ૧૩ સીટો પર જીત હાંસલ કરી છે. દીવના ઈતિહાસમાં પહેલી વખત છે કે, કોઈ એક રાજનૈતિક પાર્ટીએ બધી સીટો પર જીત હાંસલ કરી હોય. આ અગાઉ દીવમાં કોંગ્રેસ પાર્ટીનું શાસન હતું.

૧૫ વર્ષ બાદ ભાજપે દીવની નગર પાલિકામાં સત્તામાં પાછી આવી ગઈ છે. દીવની ૧૩ સીટોમાંથી ૬ સીટો પર ભાજપના ઉમેદવાર નિર્વિરોધ ચૂંટણી જીતી ચૂક્યા હતા, તો ૭ સીટો પર ૭ જુલાઈના રોજ વોટ નાખવામાં આવ્યા હતા, જેના પરિણામ આજે જાહેર થયા છે.

પરિણામોમાં બધી ૭ સીટો પર ભાજપે જીત હાંસલ કરી છે. દીવના ભાજપના અધ્યક્ષ દીપેશ ટંડેલ, રાષ્ટ્રીય સચિવ અને પ્રદેશ પ્રભારી વિજય રાહટકર, સાંસદ લાલુ પટેલ, ચૂંટણી પ્રભારી વિશાલ દંડલ અને જીગ્નેશ પટેલના નેતૃત્વમાં આ ચૂંટણી લડવામાં આવી હતી. ચૂંટાયેલા ૧૩ કાઉન્સેલરમાંથી ૭ મહિલા છે જ્યારે ૯ કાઉન્સેલર યુવા છે જેમની ઉંમર ૪૫થી ઓછી છે.

## રાજકોટમાં લગ્ન મંડપ સુધી પહોંચે તે પૂર્વે વરરાજાની કારને નડ્યો અકસ્માત, એકનું મોત

રાજકોટ,તા.૯

રાજકોટ જામનગર હાઈવે પર ધ્રોલ પાસે વરરાજાની કારને અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે આવી છે. અકસ્માતની ઘટનામાં કાર ચાલકનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. જ્યારે સમગ્ર ઘટનામાં ચાર બાળકો તેમજ ચાર પુખ્ત વયના લોકોને ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે. ઈજા પામનાર તમામ લોકોને સારવાર માટે રાજકોટ શહેરની સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતના જે દ્રશ્યો સામે આવ્યા છે તે ખરેખર ધ્રુજાવી દે તેવા છે. તસવીરોમાં જોઈ શકાય છે કે એસ.ટી. બસ સાથે ટક્કર બાદ વરરાજાની કારના બોનેટનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. પીડિત લોકોના જણાવ્યા પ્રમાણે એસ.ટી. બસના ચાલકની બેદરકારીને પગલે અકસ્માત થયો છે.પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ ખાતેથી ખીજડીયા ગામે જતી વરરાજાની કારને અકસ્માત નડ્યો હોવાનું સામે આવ્યું છે. વરરાજાની કાર અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટના ધ્રોલ પાસે આવેલા સાંઈ મંદિર નજીક બની હોવાનું સામે આવ્યું છે. અકસ્માત બાદ સૌપ્રથમ ઈજાગ્રસ્તોને ધ્રોલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર અર્થે તમામ લોકોને રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

સમગ્ર મામલાની જાણ ૧૦૮ ને થતા ૧૦૮ ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા કર્મચારીઓ તાત્કાલિક અસરથી ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર મળી રહે તે હેતુથી હોસ્પિટલ ખાતે પહોંચતા કર્યા હતા. મરણ જનાર કારચાલકનું નામ રાજુભાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.બીજી તરફ સમગ્ર મામલે જામનગર ગ્રામ્ય પોલીસ દ્વારા જરૂરી પંચનામાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમજ મરણ જનારની લાશને પોસ્ટમોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી છે.

# એષા ખુલ્લી કિતાબ -પ્રકરણ ૧૬




રિવા પણ જાણતી હતી કે "જન્મ છે એનું મરણ છે". એ વાત જેટલી સાહજીકતાથી બોલાય એટલી સ્વીકારી શકાતી નથી. એ જ્યારે જીરવવાની થાય ત્યારે કેટલી વિષમ પરિસ્થિતિ ઉભી થાય એ હવે વારંવાર એષાની વાતમાં ડોકાતું હતું. આમ મૃત્યુનો વિકરાળ અજગર રોહિતનાં જીવનનો ભરડો લેવા તત્પર હતો એ સૌને સમજાઈ ગયું હતું.

એષા અને રોહિતની આંખો જ્યારે મળતી ત્યારે વણબોલાયેલા શબ્દો પણ એકબીજા સાંભળી-સમજી લેતા. મનમાં ઘણા શબ્દો ઉઠતા ઘણું એકબીજાને કહેવાનું હતું પણ શબ્દો હોઠ સુધી આવી ને ઠેલાઈ જતા હતા. મનના ખૂણે એક વાસ્તવિકતા જડાઈ ગઈ હતી અને હવે તો ડૉકટરો પણ કહેતા, "ઈશ્વર ઈચ્છા બલિયસી."

અને હવે તો ઈશ્વરની ઈચ્છા પણ સાફ દેખાઈ આવતી હતી. ઋચાનાં લગ્ન પહેલાંના સમયની ઘટના ફરી એકવાર બની. હવે જે શક્યતા ઊભી થવાની હતી એ શક્યતાએ માથું ઉચક્યું હતું. આ વખતે સૌથી પહેલાં જે રિપોર્ટ આવ્યા એના પરથી અંત ઘડી પાસે આવી રહી છે એ સાવ સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

ઘણી એવી પળો આવતી કે જ્યારે એષાને એવા વિચારો આવતા કે,

"નથી આવતી ઘડી કે ઘટનાને એ રોકી શકવાની કે આડે હાથ દઈ શકવાની તો પછી રોહિતના રિપોર્ટ શા માટે એણે જોવા જોઈએ?"

વળી પાછો મનને વિચારોનો ધક્કો વાગતો કે, "આ તો શાહમૃગવૃત્તિ થઈ. રેતીમાં માથું ખોસી દેવાથી તોફાન આવતું અટકી જવાનું નથી. આ એક જાતની ભાગેડુવૃત્તિ થઈ. એષા, આમ આંખ આડા કાન કરવાની વાત તું વિચારે છે ! અરે જા એષા, હવે જે બનવાનું છે એની સામે તો તારે ખરી હિંમત ટકાવી રાખવાની છે."

એક સમય હતો જયારે ટ્રીટમેન્ટના લીધે આછી પાતળી આશાના તાર પર સૌ ઝૂલ્યા કરતાં, પણ હવે તો દૂર સુધી નજર કરવાનીય રહી નહોતી. જે હતું એ સાવ સામે ઉઘાડી આંખે કે બંધ આંખે પણ જોઈ શકાતું હતું.

કાર્તિક, ઋચા, ધ્રુમિલ અને જાનકી અહીં જ એષાની પાસે, એષાની સાથે રહેવા આવી ગયાં હતાં. ધ્રુમિલે બરોડા અપ-ડાઉન શરૂ કરી દીધું હતું.

સાવ ધીમા છતાંય એની આહટ સાંભળી શકાય એવાં પગલે એક ઘેરી છાયા નજીક આવતી રોહિત અનુભવી શકતો. અંદરની વેદના વધતી જતી હતી એમ રોહિત શાંત, વધુ શાંત બનતો ગયો.

રોહિતના છેલ્લા ત્રણ દિવસ તો લગભગ બેભાન અવસ્થામાં જ પસાર થયા. બાકીના પાંચેના મનમાં એક સરખા વિચારોપ. "રોહિત આંખો ખોલશે કે પછી હંમેશ માટે બંધપ..?"

કોણ કોને સમજાવે? અંતે તો સૌએ સાથે જ, સૌએ જાતે જ સમજવાનું હતું. ઋચા- કાર્તિક, ધ્રુમિલ-જાનકીની હાજરીથી એષાને ઘડીભર આ ઘા સહન કરવાની શકિતને પીઠબળ મળતું, તો ઘડીમાં મુઠ્ઠીમાંથી વેરાઈ જતી રેતની જેમતેમ એકઠું કરેલું જોમ ઓસરી જતું.

મન માનતું નહોતું અને છતાંય નજરે જે દેખાતું એને ખોટું ઠેરવી શકાય તેમ નહોતું. પહેલી વાર રિપોર્ટ કરાવ્યા ત્યારે તો પૂછી લીધું હતુ કે "રિપોર્ટ' તો બરાબર છે ને?" પણ હવે તો એ પ્રશ્ન ઉપસ્થિત નહોતો થતો.

એક પછી એક આવતાં મોજાં પગ જ ભીનાં કરતાં હતાં એવું નહોતું, પગ નીચેથી જમીન પણ સરકાવતાં જતાં હતાં.

હવે કશુંજ કરવાનું બાકી રહેતું નહોતું. જ્યારે પહેલી કેમો પછી રોહીત બેભાન અવસ્થામાં સરી ગયા હતા ત્યારે હૃદયમાં પ્રાર્થનાઓએ સ્થાન લીધું હતું. હાથ હેઠા પડયા ત્યારે પ્રાર્થના માટે હાથ જોડાયા હતા એ જ પરિસ્થિતિ ફરી આવી હતી પણ પ્રાર્થનાનું સ્વરુપ બદલાયું હતું.

એષા ખરા હૃદયથી-ખરા મનથી પ્રભુને પ્રાર્થના કરતી, "હે,

**પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી, કડી સર્વ વિશ્વવિદ્યાલય તથા આર્ષ શોધ સંસ્થાન,**

# સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'અધ્યાત્મ અને ટેક્નોલોજીના પુરસ્કર્તાઃ પ્રમુખસ્વામી મહારાજ' વિષય પર સેમિનાર યોજાયો

કડી, તા.૦૮/૦૭/૨૦૨૨

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ. પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે, પોતાના જીવનની ક્ષણે-ક્ષણનું બલિદાન આપનાર, અવિરત વિચરણ કરી ગામેગામ અને દેશ-પરદેશમાં પધરામણીઓ કરી, અસંખ્ય લોકોનાં સુખ-દુ:ખમાં ભાગીદાર બની, તેમને આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાત આપનાર, લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર વચ્ચે અહોરાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ કરી જીવપ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન કરી સેવાનો આનંદ લેતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણીય વ્યક્તિત્વને જુદા-જુદા દષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ધ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે.

ભારતની ધરતી પર જેટલું ઊંડું અને ગહન ચિંતન થયું છે, તેવું વિશ્વમાં ક્યાંય બન્યું નથી. ઉપનિષદોના આ પ્રાચીન અને અનુભવપૂર્ણ જ્ઞાનને આધુનિક ટેક્નોલોજીના માધ્યમ દ્વારા નવી પેઢી સુધી પહોંચાડવાની અજોડ સેવા પ્રમુખસ્વામી મહારાજે કરી છે. પ્રમુખસ્વામી મહારાજે વિશ્વને આપણી મહાન પરંપરાને નવી રીતથી જોવા, વિચારવા અને તેનો સ્વીકાર કરવા દષ્ટિકોણ આપ્યો છે. આવા અદ્વિતીય કાર્યના ઉપલક્ષમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી, કડી સર્વ વિશ્વવિદ્યાલય અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "અધ્યાત્મ અને ટેક્નોલોજીના પુરસ્કર્તા: પ્રમુખસ્વામી મહારાજ" એ વિષય પર તા.૦૮-૦૭-૨૦૨૨ના રોજ એ. એચ. પટેલ ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્સ એન્ડ મલ્ટીપર્પઝ હોલ, સર્વ વિદ્યાલય કડી કેમ્પસ, કડી ખાતે સાંજે ૫.૩૦ થી ૭.૧૫ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, વક્તા તરીકે યુનિવર્સિટી ઓફ મેરી વોશિંગ્ટન, એશીયન રીલીજીઅન્સના આસિસ્ટન્સ પ્રોફેસર શ્રી કલ્પેશભાઈ ભટ્ટ, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, મહેસાણાના કોઠારીશ્રી, પૂ. કરુણામૂર્તિદાસ સ્વામી, તેમજ આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગાન તેમજ દીપપ્રાગટ્યથી થઈ. ત્યારબાદ પરમ પૂજય બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ, નિર્ણયશક્તિ તથા દૂરંદેશિતાથી તેમણે કરેલાં વિવિધ માનવ ઘડતરલક્ષી કાર્યોની સ્મૃતિ વીડિયોના માધ્યમથી કરાવાઈ હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીશ્રી ડૉ. જયંતીભાઈ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું તથા સેમિનારના આયોજન અંગેની પૂર્વ યોજના વિષે માહિતી આપી હતી તેમજ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણોની સ્મૃતિ કરી હતી. સંચાલકશ્રીએ વક્તાનો પરિચય આપ્યો હતો.

"પ્રમુખસ્વામી મહારાજે ટેક્નોલોજીનો અધ્યાત્મમાં કેવી રીતે ઉપયોગ કર્યો તે વિષે જણાવતા શ્રી કલ્પેશ ભટ્ટે જણાવ્યું કે, 'ટેક્નોલોજી વિવેકથી વાપરીએ તો આશીર્વાદ નહીં તો અભિશાપ' એમ



પ્રમુખસ્વામી મહારાજ કહેતા. સ્વામીશ્રીએ સ્વામિનારાયણ અક્ષરધામ દિલ્હી અને ગાંધીનગર અક્ષરધામ બંનેના શિલ્પ-સ્થાપત્યમાં, પ્રદર્શનમાં ઉપયોગમાં લેવાયલ ટેક્નોલોજીની વાત કરી હતી. અક્ષરધામ જેવું અકલ્પ્ય કાર્ય પ્રમુખસ્વામી મહારાજે પાંચ વર્ષની અંદર પૂર્ણ કર્યુ છે. ઉદ્યોગપતિ મુકેશ અંબાણી પણ પાંચ વર્ષમાં પૂર્ણ થયેલા કાર્યથી અચંબીત હતા.

પ્રમુખસ્વામી મહારાજ ટેક્નોલોજીની શું તાકાત છે તે સારી રીતે જાણતા હતા. અક્ષરધામ સ્મારકમાં ૮.૫ ક્યુબીક ફીટ સ્ટોન, ૩ લાખ પથ્થર અને તેમાં ૧ થી ૭ ઈંચ ઊંડી કોતરણી છે. જે કામ ૩૫-૪૦ વર્ષમાં થાય તેવું હતું તે કાર્ય પાંચ વર્ષમાં પૂર્ણ કર્યું. ૭ હજાર કારીગરોની જરૂરીયાત સામે ૧ હજાર કારીગર હતા. પ્રમુખસ્વામી મહારાજ બીજા ૬ હજાર નવા કારીગરોને તાલીમ આપવાની આજ્ઞા કરી અને ૧ વર્ષની અંદર બીજા ૬ હજાર કારીગર તૈયાર કર્યા. જે લોકો ખેતરમાં મજૂરી કરતાં તેમને રોજગારી આપી જૂની કળાને જીવનદાન આપ્યું. તેવી રીતે સ્વામીશ્રીએ ભારતીય સંસ્કૃતિની કળાને જીવંત કરી છે. જે ભૂલાયેલું જ્ઞાન છે તે વિસ્તાર કરવાનો તેમનો નિયમ હતો.

તેઓએ ૭-૭ હજાર કારીગરોને વ્યક્તિગત મળી સૌના પર ફૂલો છાંટી તેમની કળાને પ્રોત્સાહિત કરી. કારીગરો પણ અભિભૂત થયા. નાનામાં નાના માણસના કામની કદર કરવી એ સાચી ટેક્નોલોજી છે એવી વાત તેમણે કરી.

Kaizen ટેક્નોલોજીનો ઉપયોગ ર્િક કંપનીએ કર્યો પણ તેની સાચી ઉપયોગિતા પ્રમુખસ્વામી મહારાજે કરી બતાવી છે. મૂર્તિ ઘડતાં બચતા પથ્થરના વધારાના ભાગનો ઉપયોગ કેવી રીતે કરવો તેની કળા બતાવી. ૩ લાખ પથ્થરોની સાઈઝને કોમ્પ્યુટરમાં ફીટ કરી તેની સાઈઝ પ્રમાણે ઉપયોગ કરવાનું સૂચન કર્યું. જે તે મૂર્તિના ઉપયોગની સાઈઝ પ્રમાણે પથ્થરનું કટીંગ થાય તેની ડિઝાઈન પણ તેમાં તૈયાર થાય ત્યાર બાદ કારીગર પાસે જાય. આમ ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો. સામાન્ય રીતે જ્યારે ૪૦ ટકા વેસ્ટેજ પથ્થર જતો તેમાં ૫-૭ ટકા વેસ્ટ થવા લાગ્યો. ૩૦ ટકા બચત થવા લાગી. પથ્થરોનું મેજર કામ ટેક્નોલોજી-મશીન દ્વારા કરાવ્યું, ફક્ત કારીગરો પાસે ફાઈન્ડ કામ કરવાનું બાકી રહેતું. તેમણે હજારો વર્ષ જૂની જે પદ્ધતિ હતી કે પથ્થરો ૪૦ ટકા પથ્થર વેસ્ટેજ જાય તેનો ઉપયોગિતા કરી બતાવી, તે પણ ટેક્નોલોજીની મદદથી. ઓછામાં ઓછા સમયમાં વધુ કામ કેવી રીતે કરવું તેમાં ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો. અક્ષરધામનું કાર્ય પાંચ વર્ષમાં જે પૂર્ણ થયું તેનું કારણ, નાની-નાની બચતથી કામ થયું. જેમાં નાનામાં નાના વ્યક્તિની નોંધ લઈ માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યાં.

સામાન્ય રીતે માનવીનો સ્વભાવ હંમેશા નેગેટીવિટીનો હોય છે પરંતુ સ્વામીશ્રીનો દષ્ટિકોણ હંમેશા પોઝીટીવીટીમાં જ રહેતો. જે તે પ્રશ્નોનો નીકાલ કરતાં. અશક્ય કામને પણ શક્ય કરી બતાવતા.

વધુમાં તેમનેં-MAX મિસ્ટીક ઈન્ડીયા ફિલ્મની વિશેષતાની વાત કરી હતી. જેની દેશ વિદેશમાં નોંધ લેવામા આવી છે. જે શુટિંગનું કાર્ય ૨૦ અઠવાડિયામાં થાય તેમ હતું તે કાર્ય ૧૩ અઠવાડિયામાં કરી બતાવ્યું. તે પણ ઓછા માણસોની વચ્ચે. જે હોલીવુડ માટે પણ અશક્ય હતું. સાથે સાથે તેમાં ૫૭૦ જેટલા સ્વયંસેવકોએ યોગદાન આપેલું તેવી વાત કરી.

પેરીસમાં I-MAX ફિલ્મ કોમ્પીટિશનમાં મિસ્ટીક ઈન્ડીયા ફિલ્મ ૧ થી ૧૦ નંબર I-MAX ફિલ્મમાં સ્થાન પામી. જ્યારે ૧ થી ૧૦ ફિલ્મોને રન કરી તેની કોમ્પીટિશનમાં વધારેમાં વધારે વ્યુવર સાથે મિસ્ટીક ઈન્ડીયા ફિલ્મને પ્રથમ નંબર પ્રાપ્ત થયો. 'અજ્ઞાન એ આશીર્વાદ' એ વાતને પ્રમુખસ્વામી મહારાજે સાબિત કરી બતાવી. તેમની ખરી ટેક્નોલોજી તો આત્મા પરમાત્માની હતી તેવી તેમને વાત કરી હતી. એવી ટેક્નોલોજીના પુરસ્કર્તા હતા પ્રમુખ સ્વામી મહારાજ. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, મહેસાણાના કોઠારીશ્રી, પૂ. કરુણામૂર્તિદાસ સ્વામીએ આશીર્વાદ આપતાં તેમણે સૌ પ્રથમ કડી વિશ્વવિદ્યાલયની સ્થાપનામાં યોગદાન આપનાર મહાનુભાવોની સ્મૃતિ કરી હતી. કડી વિશ્વવિદ્યાલય અને વિદ્યાર્થીઓ સૌની ઉત્તરો-ઉત્તર પ્રગતિ થાય તેવી પ્રાર્થના કરી હતી. પ્રમુખસ્વામી મહારાજે સૌને પ્રોત્સાહિત કરી આગળ વધાર્યા છે તેમ આપણે પણ નાનામાં નાના માણસને પ્રોત્સાહિત કરી આગળ વધારીએ તેવી વાત કરી. તેમજ પ્રમુખસ્વામી મહારાજ મહોત્સવની રૂપરેખા આપી હતી. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની પ્રાપ્તિ કરવી એ જ સાચી ટેક્નોલોજી છે તેવું સ્વામીશ્રી શીખવે છે તેમ તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમના અંતમાં સમાપન પ્રવચનમાં આર્ષ શોધ સંસ્થાનના નિયામકશ્રી, પ્રો. ડૉ. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ પ્રથમ તો પ્રમુખસ્વામી સાયન્સ કોલેજે ઈન્ડિયા ટુડેના સર્વેક્ષણમાં ભારતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું માટે અભિનંદન આપ્યા હતા. ત્યારબાદ તેવોએ આગળ જણાવ્યું કે, ગુરુના આદેશ પ્રમાણે કરવું તે પણ ટેક્નોલોજી છે. સાચા ગુરુ, સાચા પ્રાધ્યાપક મળે તો યોગ્ય કાર્ય થાય, તેમ આપણને પ્રમુખસ્વામી મહારાજ સાચા ગુરુ મળ્યા છે તેમણે આધ્યાત્મિકતાની સાથે ટેક્નોલોજી જોડી કાર્ય કર્યું છે. આ ઉપરાંત પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજના જીવન-કવન અને સ્વામીશ્રીએ કરેલ કાર્યો વિશે વિસ્તૃત સમજ આપી હતી.

આમ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી, કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે સ્વામીશ્રીના દિવ્ય જીવન-કાર્યમાંથી પ્રેરણા આપતા ભવ્ય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મોટી સંખ્યામાં આમંત્રિતો તેમજ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે કડી સર્વ વિશ્વવિદ્યાલયની વેબસાઈટ અને બીએપીએસ સંસ્થાની પ્રેરણાસેતુ એપ પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ.ભ. શ્રી શૈલેષભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સભાના અંતમાં પ્રમુખસ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અજયભાઈ એસ. ગોરે આભારવિધિ કર્યો હતો.

# સુરતના એસી હોલમાં ૧૦૦૦ ટેબલ ઉપર કાજુ-બદામ, કોલ્ડડ્રિંક્સ, ચોકલેટ ને ચણાની મિજબાની

સુરત,તા.૯

દાયકાઓ જૂની ભારતીય જનતા પાર્ટીના કલ્ચરમાં મોટો ફેરફાર દેખાઈ રહ્યો છે. સુરતના સરસાણા કન્વેન્શન હોલ ખાતે કરવામાં આવેલું પ્રદેશ કારોબારીનું ભવ્ય આયોજન સૌકોઈ માટે ચર્ચાનો વિષય બન્યો છે. પ્રદેશ કારોબારીમાં ૧૦૦૦ કરતાં પણ વધુ અપેક્ષિત હોદ્દેદારો હાજર રહ્યા છે. પ્રદેશ કારોબારીનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. એક મલ્ટી નેશનલ કંપનીને પણ ઝાંખી પાડે એવું આયોજન ભાજપ સંગઠને કર્યું છે. એસી હોલમાં દરેક હોદ્દેદાર માટે અલગ ટેબલ રખાયાં છે, જેના ઉપર કાજુ-બદામની સાથે સોફ્ટ ડ્રિંકની બોટલ પણ રાખવામાં આવી હતી.

પ્રદેશ કારોબારીમાં હાજર તમામ હોદ્દેદારોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન આવે એવી નાનામાં નાની વાતનું ધ્યાન રાખવામાં આવ્યું છે. હોદ્દેદારોમાં પણ આયોજનને લઈને ખૂબ ચર્ચા ચાલી છે. એક મોટી કંપની કોઈ ઈવેન્ટ ઓર્ગેનાઈઝ કરે છે એવું આયોજન પ્રદેશ કારોબારીમાં જોવા મળ્યું છે. પ્રદેશ કારોબારી માટેના એન્ટ્રસ ગેટથી લઈને અંદરની તમામ વ્યવસ્થા ખૂબ જ અદભુત રીતે કરવામાં આવી છે. એક ટેબલ પર એક હોદ્દેદારને બેસાડવામાં આવ્યા છે. સરસાણા ખાતે કન્વેન્શન આખેઆખો હોલ સેન્ટરલી એસી છે.

પ્રદેશ કારોબારીમાં ૧૦૦૦ જેટલાં ટેબલ ગોઠવવામાં આવ્યાં છે. દરેક ટેબલ પર આશ્ચર્યજનક રીતે અને સૌનું ધ્યાન આકર્ષી રહે છે એવા સૂકા મેવા છે. કાજુ, બદામ, કિસમિસ, ચોકલેટ અને ચણાના દાણા દરેકના ટેબલ ઉપર મૂકવામાં આવ્યાં છે. એક ટેબલ પર ૪૦૦થી ૫૦૦ ગ્રામ જેટલું ડ્રાયફ્રૂટ મૂકવામાં આવ્યું છે. કોઈ મોટી કોર્પોરેટ કંપનીની એન્યુઅલ જનરલ મીટિંગ મળતી હોય ત્યારે જે પ્રકારની વ્યવસ્થા સામાન્ય રીતે આપણે જોતા હોઈએ એ પ્રકારની વ્યવસ્થા દરેક ટેબલ ઉપર જોવા મળી છે. એને લઈને પોતે હોદ્દેદારો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. દરેક ટેબલ પર ત્રણથી ચાર જેટલી સોફ્ટ ડ્રિંકની બોટલો પણ મૂકવામાં આવી છે.

કારોબારીમાં હાજર રહેલા હોદ્દેદારો પણ ટેબલ પર મૂકેલા ડ્રાયફ્રૂટ જોઈને ચર્ચા કરી રહ્યા હતા કે આ બધા ડ્રાયફ્રૂટ ખાઈને આગામી દિવસોમાં ચૂંટણીમાં દોડાવશે. તો બીજા કેટલાક હોદ્દેદારો વાતો કરી રહ્યા હતા કે ના ના, આ તો રાજ્ય સરકારની યોજનાઓ આપણે ભૂલી ન જઈએ અને લોકોને સમજાવવામાં યાદશક્તિ ઓછી ન રહે એના માટે બદામ ખવડાવવામાં આવી રહી છે. ભાજપે આવી કારોબારી તો ક્યારેય જોઈ નથી. ભાઈ, સુરતમાં આયોજન હોય એટલે આવું જ હોય.

સુરતમાં આવો એટલે સ્વાભાવિક રીતે જ મહેમાનગતિનું આયોજન કરવામાં કોઈ કસર છોડવામાં આવે નહીં. સવારે નાસ્તામાં સુરતી લોચો, ખમણી, પાટૂડી, ઈદડા રાખવામાં આવ્યાં હતાં. જમવામાં કેરીનો રસ, લીલવાનું શાક, પાતરાં જેવી અનેક વાનગી રાખવામાં આવી છે. ભલે રૂપિયાનો ખર્ચ થાય, પરંતુ આયોજનમાં કોઈપણ પ્રકારની કમી રાખવામાં આવી નથી. નાનામાં નાની બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું છે.